**મેષ (અ,લ,ઈ) :** કોઈ મિત્ર સાથે લાંબા સમયથી ચાલતા વિખવાદનો અંત આવવાથી આનંદ અને હળવાશ અનુભવશો. આર્થિક બાબતમાં અને ખાસ કરીને લાંબા ગાળાની બચત તરફ ધ્યાન આપો. એવી પરિસ્થિતિ ઊભી થશે જેનો સામનો કરવા શીરીરિક નહીં પણ માનસિક શક્તિની જરૂર પડશે. કઈ દિશામાં આગળ વધવું એની ગડમથલમાં દેખાઓ છો. આ બધાની વચ્ચે તબિયતનો ખ્યાલ રાખો એવી મારી ખાસ સલાહ છે. તારીખ નક્કી હોવા છતા પ્રવાસનો પ્લાન લંબાઈ જાય એવી શક્યતા છે. નવી નોકરીની ઓફર મળવાની શક્યતા છે. **સ્ત્રીવર્ગ માટે :** હાલ મહત્વના નિર્ણયો લેવા પડશે. અંતરાત્માના અવાજને અનુસરવાની સલાહ છે.

**વૃષભ (બ,વ,ઉ) :** ભુલાઈ ગયેલા જૂના સંબધો કદાચ ફરી માથુ ઊંચકીને માનસિક રીતે પરેશાન કરી શકે છે. તમારામાં જબરદસ્ત પરિવર્તન આવી રહ્યું છે. ભૂતકાળને ભૂલીને નવી ઊંચાઈ સર કરવાની વૃત્તિ ધાર્યું પરિણામ આપશે એમ દેખાય છે. આર્થિક સ્થિતિ સુધરવાનો સંકેત મળે છે, પરંતુ લાંબા ગાળાના કોઈ કોન્ટ્રેક્ટ પર સહી કરતા પહેલા એના પરિણામનો વિચાર કરી લેવાની સલાહ છે. નીરસ સામાજિક જીવન અચાનક ચેતનવંતુ બનશે. ભરપૂર આમંત્રણો મળશે અને અનેક લોકોને હળીમળી શકશો એમ જણાય છે. પરિવારના એક યુવાન સભ્યને તમારા માર્ગદર્શનની જરૂર પડશે. **સ્ત્રીવર્ગ માટે :** ધાંધલ ધમાલથી દૂર રહી આરામ કરવાનો પ્રયાસ કરો.

**મિથુન (ક,છ,ઘ) :** કોઈની વણમાગી સલાહ સ્વીકારવાને બદલે તમે એકદમ સ્વતંત્ર રીતે પોતાના બળ પર આગળ વધવા માગો છો. ઈશ્વર અને કર્મમાં વિશ્વાસ રાખશો તો પડદા પાછળના દોરીસંચારથી તમને લાભ થશે. નિકટના સંબંધની બાબતમાં તમારો નિર્ણય યોગ્ય છે કે નહીં એ વિચારવા આ સમયનો ઉપયોગ કરો. વિદેશનો એક પ્રવાસ તમને ફાયદો અપાવશે એમ દેખાય છે. પૈસા અને કીમતી સામાનનું ધ્યાન રાખવાની ખાસ સલાહ છે. અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ એકાગ્રતા કેળવશે અને મહેનત કરશે તો લાભદાયી પરિણામ લાવી શકશો. **સ્ત્રીવર્ગ માટે :** જેમને પ્રેમ કરતા હો તેમના માટે ગમે એ કરી છૂટવા તૈયાર રહેજો.

**કર્ક (ડ,હ) :** હાલ જીવનના કેટલાક સત્યો જાણી લેવાનો સમય છે. ભવિષ્ય માટે ફરી એક વખત પ્લાન બનાવી શક્યા છો એટલે મન પ્રસન્ન બનશે. જોકે અગાઉ જેવી ભૂલો ફરી ન થાય એની વિશેષ કાળજી રાખવાની સલાહ છે. એક મિત્ર નાહકનો વધુ પડતો ઉગ્ર પ્રતિસાદ આપી રહ્યો છે. તેને તમારી સમજદારીનો પરચો બતાવવો પડશે એમ જણાય છે. અચાનક જ ઘર બદલવું પડશે, એ માટે તૈયાર રહેજો. કોઈક તબક્કે કાર ખરીદવાનો વિચાર યોગ્ય ઠરશે. શેર-સટ્ટામાં પૈસો ગુમાવો એવી શક્યતા છે, એટલે આ બજારથી દૂર રહેજો. **સ્ત્રીવર્ગ માટે :** ઈશ્વરે બક્ષેલી બુધ્ધિ, સર્જનાત્મકતા અને સંવેદનશીલતાનો ઉપયોગ કરો.

**સિંહ (મ,ટ) :** આ સમયે લાગણીવશ બનીને કોઈ વિવાદનો મધપૂડો છંછેડશો નહીં. એક વખત મોંમાથી શબ્દો નીકળી ગયા પછી પસ્તાવુ પડશે. ઓછું બોલશો એટલો વધુ ફાયદો થશે એમ જણાય છે. જીવનમાં મોટું પરિવર્તન આવી રહ્યું છે. ઈશ્વર પર શ્રધ્ધા રાખી એને સ્વીકારી લેજો. મનમાં જે વિચારો આવે એને હાલ એમજ રહેવા દો અને એમાં હજી વધુ સુધારો કેમ કરવો એ વિશે વિચારો. અપરિણીતોને કોઈ રસપ્રદ વિજાતીય વ્યક્તિ સાથે મુલાકાત થશે. આવી મુલાકાત જીવનને વધુ ઉત્સાહિત બનાવશે. **સ્ત્રીવર્ગ માટે :** તબિયત સહેજ નરમ રહે તો તરત ડોક્ટરને કન્સલ્ટ કરવાની સલાહ છે.

**કન્યા (પ,ઠ,ણ) :** કસોટીનો સમય પૂરો થઈ ગયો છે. હવે તમારી ચાલ ચાલવા તૈયાર થઈ જાઓ. થોડા સમયથી સ્થગિત થઈ ગયેલુ જીવન ફરી આગળ વધવા લાગશે એમ દેખાય છે. ભવિષ્ય માટે ઈન્વેસ્ટ કરો એવી શક્યતા હોવાથી ફાઈનેન્સની દ્રષ્ટિએ સમય પોઝિટિવ રહેશે. નવું ઘર ખરીદવા ઈચ્છતા હો તો હાલ યોગ્ય સમય છે. જે નવું ઘર ખરીદશો એ લકી પુરવાર થશે. માનીતી વ્યક્તિ સાથે વિદેશ પ્રવાસની તક મળશે. કોઈને તમારી ઉદારતાનો ગેરલાભ લેવા ન દેશો એવી મારી સલાહ છે. એસીડીટી વધી શકે છે. **સ્ત્રીવર્ગ માટે :** આખો દિવસ કામનો ઢસરડો કરવાને બદલે રાહતનો શ્વાસ લેતા શીખો.

**તુલા (ર,ત) :** માનસિક બોજને મન પરથી ઊતારી ફેંકો અને અવનવુ શીખવાના ઉદ્દેશથી આસપાસ દ્રષ્ટિ દોડાવો એવી મારી સલાહ છે. સાથોસાથ અંતરમાં ઊઠતી લાગણીઓને ધીરજપૂર્વક વ્યક્ત કરશો તો સંબંધો દ્રઢ બનાવી શકશો એમ દેખાય છે. થોડો સમય તમારી અવગણના કર્યા પછી કેટલાક મિત્રો વધુ પડતા સારી રીતે વર્તી રહ્યા હોઈ તમને આશ્ચર્ય થશે. નિકટના ભવિષ્યમાં આવકમાં વધારો કરી શકે તેવા લોકોના સંપર્કમાં આવી શકશો. દસ્તાવેજો સહી કરતા અગાઉ એનો પૂરો અભ્યાસ કરી લેજો. **સ્ત્રીવર્ગ માટે :** હાલ કેટલાક લોકોને તમારો સ્વભાવ આકરો લાગશે.

**વૃશ્ચિક (ન,ય) :** હાલ પરિસ્થિતિનો હંમેશ કરતા વધુ ઊંડાણપૂર્વક વિચાર કરો અને વધુ સ્પષ્ટતાપૂર્વક વાત કરો એવી શક્યતા છે. ઈરાદો ન હોવા છતા વધુ દબાણથી તમારી વાતની રજૂઆત કરશો અને પરિણામે થોડા સંઘર્ષમાં ઊતરવું પડશે એમ જણાય છે. પૈસાની બાબતમાં તમે અત્યંત સાવચેત રહેવા ઈચ્છો છો અને એથી જ નાની નાની વિગતોની પણ ખૂબ જ ચીવટ રાખી રહ્યા છો. વાતચીત અને ચર્ચા હાથ ધરતી વખતે વધુ ધીરજથી કામ લેજો એવી મારી સલાહ છે. તમારા વિચારો ભલે સાચા હશે, પરંતુ અન્ય લોકોના અભિપ્રાયોને પણ આવકારવા તૈયાર રહેજો. **સ્ત્રીવર્ગ માટે :** દૈવીશક્તિઓ તમારા કાર્યમાં મદદરૂપ બનશે.

**ધન (ભ,ધ,ફ,ઢ) :** ઘરમાં થોડો ફેરફાર કરાવવા ઈચ્છતા હશો. આથી નજીવા સમારકામ પાછળ પણ ઘણો સમય આપવો પડશે એમ દેખાય છે. એક નવા મિત્ર સાથેના સંબંધો સમય જતા ખૂબ દ્રઢ બનશે. પરિવાર સાથે જે પ્રસંગ ઊજવવા આતુર છો એ છેવટે આકાર લેશે. અત્યારે તમારી પાસે જે કંઈ છે એનાથી સંતોષ અને આનંદ માણી ભવિષ્ય તરફ આશાવાદી રહો એવી મારી સલાહ છે. સુખદ શક્યતા એવી પણ છે કે દૂર થઈ ગયેલી વ્યક્તિ સાથેના સંબંધો ફરીથી સંધાઈ જાય. **સ્ત્રીવર્ગ માટે :** કામ કરવાની જૂનીપુરાણી અને અમલદારશાહી પધ્ધતિમાંથી બહાર આવો.

**મકર (ખ,જ) :** હાલ વધુ પડતી સાવધાની રાખવાની જરૂર નથી. કોઈ પરિસ્થિતિમાં અટવાઈ ગયા હો તો એને આપમેળે સુધરવા દો. એક દૂરના સગા મળવા આવશે અને રોકાઈ જશે, માટે તૈયાર રહેજો. કેટલાક નિર્ણયો લેવા અને એ વિશે પ્રિયજન સાથે ચર્ચા કરવી જરૂરી લાગતી હોય તો વિલંબ ન કરો. ઘરમાં વધુ ધ્યાન આપવા થોડી ફુરસદ મેળવવાનું નક્કી કર્યું હોય તો એ સારી વાત છે. ખુદના માટે સમય કાઢશો તો ફરી તાજગી સાથે કામે વળગી શકશો એમ દેખાય છે. સટ્ટાકીય વૃત્તિથી દૂર રહેવાની સલાહ છે. **સ્ત્રીવર્ગ માટે :** નાનો ભાઈ કે બહેન ઊશ્કેરાઈ જાય તો શાંત રહેવા પ્રયાસ કરજો.

**કુંભ (ગ,સ,શ,ષ) :** એક અશક્ય લાગતી પરિસ્થિતિનો થોડા વખતમાં જ અંત આવશે અને તમારા માટે નવી તકોનો માર્ગ મોકળો થશે એમ દેખાય છે. નવી તકો સ્વીકારવા તૈયાર રહેજો. હાલ તમારી પોઝિશન મજબૂત બની રહી છે અને દરજ્જો પણ વધી રહ્યો છે એ સારી વાત છે. હાલ તમે શું ઈચ્છો છો અને અન્ય લોકોની શી અપેક્ષા છે એ સમજવાનો પ્રયાસ કરો. સાથીઓ સાથેની ગેરસમજો દૂર કરવાનો અને જેમની સાથે સંપર્ક તૂટી ગયો હોય એ ફરી જોડવા માટે આ સમય યોગ્ય છે. વિજાતીય લોકો તમારા પ્રતિ આકર્ષાઈ શકે છે. **સ્ત્રીવર્ગ માટે :** ભૂતકાળને ભૂલી જઈ આગળ વધવાનો સમય છે.

**મીન (દ,ચ,ઝ,થ) :** પ્રગતિના માર્ગે આગળ વધતા રહેવાના દૈવી સંકેતો મળી રહ્યા છે. ખુદની પ્રગતિ માટે ધીરજપૂર્વક પ્રયાસો કરીને કર્મનું પલડુ તમારી તરફ નમાવી શકશો એમ દેખાય છે. નવા ઘર, જમીન કે બિઝનેસનો મોટો સોદો પાર પડતા આંખોમાં ચમક આવી જશે. નિકટના ભવિષ્યમાં એકાદ લલચામણી ઓફર મળવાની શક્યતા પણ છે. યુવાનોને પ્રણયજીવનમાં ઉશ્કેરાટને કાબૂમાં રાખવાની સલાહ છે. જુગાર અને સટ્ટાકિય વૃત્તિથી ખાસ દૂર રહેવાની આ સમયમાં સલાહ છે. નાના મોટા અકસ્માત કે શસ્ત્રક્રિયાના યોગ છે. **સ્ત્રીવર્ગ માટે :** કોઈ બીમારી ફરી માથુ ઊંચકે એવી શક્યતા છે. સ્વાસ્થ્ય માટે જાગૃત રહો.

## સર્વોદય નગરમાં વટસાવિત્રી વ્રતની ઉજવણી



શુક્રવાર, તા.૨૧ જૂનના મુલુંડ સર્વોદય નગરમાં અનેક માનુનીઓએ સુંદર રીતે સજી ધજી તૈયાર વટસાવિત્રી વ્રતની પૂજા કરી અને વ્રતની ઉજવણી કરી હતી. તેમજ એક બીજાને હલ્દીકકું કરીને સેલ્ફી કાઢી મોજ માણી હતી.

## શ્રી મુલુંડ ક.વી.ઓ.સમાજ 'મહિલા વિભાગ' પ્રસ્તુત કુકિંગ બોનાન્ઝા પ્રી મીક્સ ડેમોસ્ટ્રેશન

તા.૧ જુલાઈ, સોમવારના બપોરના ૨.૩૦ થી ૫.૩૦ કલાકે શ્રી મુલુંડ ક.વી.ઓ.સમાજ, પહેલે માળે, જાનકી નિવાસ, બાવાજીની ઝુંપડીની સામે, મુલુંડ (વે)માં છેલ્લા ૧૮ વર્ષોથી કુકિંગમાં એક્સપર્ટ એવા 'શીતલ છેડા' (ગોધરા-માટુંગા) શીખવાડશે ૬ વાનગીઓનું લાઈવ ડેમો. તેમજ અન્ય છ વાનગીઓની રેસિપી આપવામાં આવશે. અને સાથે કુકિંગને લગતી ટીપ્સ તો ખરી જ. • પરાઠા મીક્સ • દાલ ખીચડી • રેડ ગ્રેવી • થાઈ કરી • પ્રોટીન પાવડર • રસમ મિક્સ • મલ્ટીગ્રેન મિક્સ. • પરિવારના બાળકો હજારો કિ.મી. દુર ભણવા જાય અને મમ્મીઓને ચિંતા થાય કે એને ઘરનું બનાવેલું જમવાનું ક્યાં મળશે? • આજની ફાસ્ટ લાઈફમાં વર્કિંગ વુમન જ્યારે થાકીને ઘરે આવે અને જમવાનું જલ્દી બનાવવું હોય તો કેવો કંટાળો આવે? • સવારના નાસ્તો જલ્દી ફટાફટ બની જાય અને સમયની બચત થાય તો? • વિદેશ ફરવા જાવ અને ઘર જેવું ખાવાનું મળી જાય તો? • ઘરમાં અચાનક મહેમાન આવી જાય અને જલ્દીથી શું બનાવવું??

આ બધાજ પ્રશ્નોનો ઉકેલ મળશે આ ડેમોમાં તો જલ્દીથી નામ રજીસ્ટર કરાવો.

- એન્ટ્રી ફી કેવીઓ રૂ.૩૫૦/- અને નોન કેવીઓ રૂ.૪૦૦/-.
- સંપર્ક : પલ્લવી ગાલા - ૯૯૨૦૦૬૩૦૫૦, યામિની ગોસર - ૯૯૮૭૮૫૯૭૪૫. Gpay No.૮૪૫૨૯૩૨૨૪૨ (Gpay કરી સ્ક્રીનશોટ શેર કરજો). રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે.

આપના પ્રસંગોને યાદગાર બનાવો
• લગ્નગીત • બર્થ ડે પાર્ટી
• સંગીતસંધ્યા • સાંજી ગીત
• ડી.જે.પાર્ટી • ડોલી
• જૈન સ્તવન તેમજ
• પ્રાર્થના સભા
(ઓનલાઈન પણ)
• સ્પે.એન્ટ્રી ફોર કપલ



હિના ઠક્કર
9221240755, 9769305488

# એક લાયન મેમ્બર દ્વારા રોટરી ક્લબ ઓફ મુલુંડના સહયોગે આદિવાસી એરિયામાં નોટબુકનું વિતરણ







રોટરી ક્લબ ઓપ મુલુંડના સેવાકાર્યોથી પ્રભાવિત થઈ એક લાયન મેમ્બરને આદિવાસી એરિયા મધુરમ આશ્રમશાળા, મંગોવડી નેરલ, જે માથેરાનની તળેટીમાં સ્કૂલોમાં ભણતા વિદ્યાર્થીઓ માટે નોટબુકનું વિતરણ કરવામાં આવેલ. મળતી માહિતી પ્રમાણે આ શાળામાં ૫૦૦ જેટલા વિદ્યાર્થી ઓ અભ્યાસ કરે છે. તે દરેક વિદ્યાર્થીઓને નોટબુક, ડ્રોઈંગ બુક અને ગણેવશનું વિતરણ રોટરી ક્લબ ઓફ મુલુંડ દ્વારા કરવામાં આવ્યું હતું.

રોટેરિયન પુનિત ઠક્કર અને પરિવારે બાળકોને ૩૦૦ છત્રી અને ૨૦૦ રેઈનકોટનું વિતરણ કર્યું હતું.

પ્રમુખ હિતેશ ગણાત્રા, પ્રથમ મહિલા Rtn. જ્યોતિ ગણાત્રા, Rtn. પ્રિયા અગ્રવાલ, Rtn. અમૃતા ગાંધી, Rtn. પુનિત ઠક્કર, RAnn શ્રીમતી અમી ઠક્કર અને તેમના પરિવારે આ વિતરણમાં ભાગ લીધો હતો.

આ પ્રોજેક્ટ શનિવાર, તા.૨૨મી જૂન ૨૦૨૪ના રોજ કરવામાં આવ્યો હતો.






## શ્રી અરિહંત કો.ઓ.બેંક લિમિટેડમાં ફ્રેંકિંગ સુવિધા શરૂ થશે

ARIHANT BANK

મુલુંડની જનતાની અગવડતા દૂર કરવા માટે સાફલ્ય બિલ્ડિંગ, આંબેડકર રોડ, મુલુંડ વેસ્ટ સ્થિત શ્રી અરિહંત કો.ઓ.બેંક લિમિટેડની શાખામાં જાહેર જનતા માટે **મંગળવાર, તા.૨ જુલાઈથી ફ્રેંકિંગ સુવિધા કાઉન્ટર શરૂ થશે.** જેનો લાભ સૌ કોઈ લઈ શકશે.







# મારા ડાયરીના થોડા પાનાં : રિટાયર્ડ મેજર જનરલ સુધીર વોમ્બતકરે સાથે

*ગત અંકથી ચાલુ*

મણિપુર ઉપરોક્ત ઐતાહિસિક સંસ્કૃતિક સંદર્ભમાંથી અમે અવલોકન કરીએ છીએ કે વ્યવહારિક રીતે મણિપુરની તમામ વસ્તીનો આદિવાસી પસંદગીનો શબ્દ છે. જો કે ધર્મ મુજબ મેઈટીસ હિંદુ હતા રાજા પમહીખાએ જાહેર કરેલ રાજ્ય ધર્મ પહાડીઓમાં રહેતા લોકો બ્રિટનમાં સમયમાં ખ્રિસ્તી તરીકે રૂપાતરિત થયાં ત્યાં સુધી પોતપોતાના આદિવાસી ધર્મ ચાલુ રહ્યા. મણિપુરના લોકોનું સામાજિક માળખુ અને જનસંખ્યા સદીઓથી બદલાઈ છે. પરંતુ તાજેતરના દાયકોઓથી વધુ ઝડપથી ભૌગોલિક ઈતિહાસ કારણો સર ઈમ્ફાલ ખીણના લોકો મણિપુરના મેઈનેઈ છે. તેઓ મણિપુરની ૫૩ ટકા વસ્તી ધરાવે છે. જેમાંથી ૯૦ ટકાથી વધુ ધર્મ દ્વારા હિંદુ છે.




પહાડી પ્રદેશોમાં રહેતા લોકો મણિપુરની વસ્તીના લગભગ ૪૦ ટકા છે અને તેઓ લગભગ ૨૫% છે. પરંતુ નાગા લોકો આદિવાસી પહાડી લોકોના લગભગ ૨૫% છે. પરંતુ નાગા લોકો પોતે વિવિધ જાતિના છે અને ઝો લોકો પણ મણિપુરના પર્વતીય પ્રદેશમાં રહે છે. ઈમ્ફાલ ખીણમાના મેઈટીસ સામાન્ય રીતે પહાડી પ્રદેશમાં રહેતા કકુઓ કરતા આર્થિક રીતે વધુ સારા છે. મણિપુરના પહાડી વિસ્તારમાં રહેતા ૮૦% થી વધુ આદિવાસી લોકો ખ્રિસ્તી છે. તેમાં છતા આદિવાસી જૂથોને તેમની ભાષા, પહેરવેશ, ભોજન અને સંસ્કૃતિની વિશિષ્ટ ઓળખ પર ગર્વ છે. મણિપુરના પર્વતીય વિસ્તારો મણિપુર લગભગ ૯૦ ટકા વિસ્તારમાં છે. બહુમતી meitei જબરજસ્ત રાજકીય પ્રભાવ ધરાવે છે.

૩ મે ૨૦૨૩ પહેલા નાની સંખ્યામાં કુકીઓ ઈમ્ફાલ ખીણમાં મેઈટીસ વચ્ચે રહેતા હતાં અને એટલા જ સંખ્યામાં મેઈટીઓ કુકીઓની વચ્ચે ડુંગરાળ પ્રદેશમાં રહેતા હતા. સામાજીક, આર્થિક અને રાજકીય જટિલતાઓ અને તેની આદિવાસી સંસ્કૃતિઓ અસંખ્ય પેઢીઓથી રહેતી જંગલની જમીનો પર કેન્દ્રિત છે. મણિપુરના કુકી લોકો અને નાગા પહાડી લોકો અને મેઈતેઈ મેદાનના વચ્ચે તણાવનું ઐતિહાસિક કારણ પ્રાદેશિક અને આર્થિક બને છે. પરંતુ બહુમતવાદી સાંપ્રદાયિક દળોએ મેઈતેઈ-કુકીના હિતોના સંઘર્ષને હિંદુ (મેઈતેઈ) વિરૂધ્ધ ખ્રિસ્તી (કુકી)ના હિતોના ચાલે રહેલી દુષ્ટ અને હિંસક રાજનીતિમાં ફેરવી નાખ્યું છે.

મણિપુર હિંસા ચાલુ હોવાથી કેટલાક કુકી જૂથોએ પોતાના માટે અલગ વહીવટથી માંગણી કરી જેમાં પહાડી વિસ્તારોને આવરી લેવામાં આવ્યા. જેને તેઓ તેમના વતન તરીકે માને છે. ૧૭ ઓગસ્ટ વિસ્તારોનો સમાવેશ થાય છે. જેને નાગા સમુદાયો વચ્ચે અત્યાર સુધી ઉકળતા તફાવતો આ ફ્લેશ પાઈન્ટ છે. કુકીઓ મણિપુરના ઈતિહાસને વિકૃત કરી રહ્યા છે. કુકી નામો સૌ પ્રથમ વખત ૧૮૩૦-૧૮૪૦ની વચ્ચે સાંભળવામાં આવ્યું હતું અને અંગ્રેજો આ પ્રદેશમાં કુકી જાતિનું વાવેતર કર્યું હતું. મણિપુર નાગાઓ કુકી સમુદાયના દાવાઓ નાગા સમુદાયનું અપમાન છે અને કેન્દ્ર સરકાર મેઈતેઈ અને કુકી સમુદાયો વચ્ચેની હિંસા રોકવામાં અસમર્થ હોવા છતાં મણિપુરના કુકી અને નાગા સમુદાયો વચ્ચે સંઘર્ષનો નવો મોરચો ખુલ્યો છે. રાષ્ટ્ર હવે બહુકોણીય સંઘર્ષ દ્વારા સામનો કરી રહ્યું છે.

જેમાં ઐતિહાસિક પ્રાદેશિક દાવાઓના સમટેક્સ્ટસ પરંપરાગત આદિવાસી જીવન અને આજીવિકા માટે જોખમ અને જમીન અને આદિવાસી જીવન અને આજીવિકા માટે જોખમ અને જમીન અને આર્થિક અધિકારોને લગતી અસુરક્ષા છે. ખુલ્લી સરહદ પાર કરીને મણિપુરમાં વિદેશીઓ (મ્યાનમારીઓને પ્રવેશ સમસ્યામાં વધારો કરે છે. ખસખસની ખેતી અને નશીલા પદાર્થનો વેપાર મણિપુરના પહાડી વિસ્તારોમાં ખસખસની ખેતી આર્થિક મજબુરીઓ પર આધારિત છે. ખોરાકની અસુરક્ષા ગરીબ અને ભૌતિક આંકાક્ષા અને જરૂરીયાતો. મણિપુરમાં ગેરકાયદે અફીણ ઉત્પાદનના પ્રેરક છે. ક્ષેત્રીય અભ્યાસો ખસખસની ખેતી માટે નીચેના સામાજીક આર્થિક ફરજો દર્શાવે છે.

ખાદ્ય અસુરક્ષા (બેરોજગારી, ગરીબી અને આજીવિકાના વૈકલ્પિક માધ્યમના અભાવો ૫૬% બાળકોનું શિક્ષણ શાળાની ફી, ગણવેશ, પુસ્તકો વગેરે ચૂકવવા માટે પૈસાની જરૂર છે. મણિપુરના નશા વિશે વિભાગ મણિપુર પોલીસ અને આસામ રાઈફલ નિયમિતપણે ખસખસ અને ગાંજાના પાકનો નાશ કરે છે. મણિપુરના


રિટાયર્ડ મેજર જનરલ સાથે દામજીભાઈ

પાંચ જીલ્લાઓ મળીને મ્યાનમાર સાથે ૩૯૦ કિ.મી.ની સરહદ ધરાવે છે. આ સરહદ વર્ચ્યુઅલ રીતે ખુલ્લી છે. જે મ્યાનમાર-વિયેતનામ સ્થિતિના કોટિક્સ કાર્ટલ્સ સાથે ડ્રગ વેપાર સરળ બનાવે છે. ખસખસની ખેતી ગેરકાયદેસર હોવા છતાં નફાકારક છે.

ગેરકાયદેસર ખસખસની ખેતી એ ગરીબ પહાડી ખેડૂતો માટે ખુબ જરૂરી નાણાંનો સ્ત્રોત છે. મ્યાનમાર સ્થિતિ નાર્કોટિક્સ માફિયા પ્રોકીઓ અને વિદ્રોહીઓ દ્વારા ચીન દ્વારા ભારતની રાષ્ટ્રીય સુરક્ષા પરથી અસરનો અંદાજ ઓછો ન હોવો જોઈએ. તાજેતરના સર્વક્ષણો જંગલવાળા ડુંગરાળ ઉત્તરપૂર્વ પ્રદેશામાં વ્યાવસાયિક રીતે મૂલ્યવાન ખનિજોની હાજરી સૂચવે છે. ખાસ તેલ, ખાસ કરીને પામતેલ માટે ઔદ્યોગિક ધોરણે રોકડ પાકની ખેતીમાં પણ કોર્પોરેટ રસ ધરાવે છે.


દરેક જાગૃત ભારતીય નાગરિક દેશના બીજા પ્રદેશોમાં અભ્યાસ કરવો જરૂરી છે. દરેક નાગરિકે દેશની રજ રજ માહિતી રાખવાની અગત્યની છે. નાર્થ ઈસ્ટ થોડા એક્ટિવ આપણે ત્યાં બોલાવી અને તને સમજીએ આથી દેશના નાગરિકો એક બીજાને મળે ચર્ચા થાય આથી આપણે દેશને વિભાજનથી બચાવી શકીએ.




SELFLESS HUMAN SERVICE
શ્રી કચ્છી લોહાણા યુથ ફોરમ મુંબઈ ટ્રસ્ટ
દ્વારા આયોજિત
પાપા પગલી
પિતાની પુત્રી અને પુત્ર
સાથેના સંબંધોની સફર
તા. ૩૦ જૂન, રવિવાર
સમયઃ સાંજે ૮.૩૦ વાગ્યાથી...
સ્થળઃ મહાકવિ કાલિદાસ સભાગૃહ,
પી.કે. રોડ, મુલુન્ડ (વેસ્ટ)
Tushar Trivedi
Grishma Relia Thakkar
Dilip Rawal
કાર્યક્રમના દાતા
શ્રી જયેશભાઈ પુરષોત્તમ ગણાત્રા
શ્રી હીરાલાલભાઈ મૃગ (કચ્છી લોહાણા અગ્રણી)
સ્વ. શ્રીમતી રસીલાબેન કીર્તિભાઈ કોઠારી (પૃથ્વી)
શ્રી વિજયભાઈ આશાનંદ ઠક્કર (સરસ્વતી કેમિકલ)
શ્રીમતી રેખાબેન અશ્વિન ખીલાણી (ખીલાણી ફાઉન્ડેશન)
શ્રી આનંદભાઈ મુલરાજ ઠક્કર (વર્સેટાઈલ)
નિમંત્રક
ટ્રસ્ટી
મનીષ મથુરાદાસ ધામે | તરુણ રતનશી કોઠારી | જીજ્ઞેશ અશ્વિન ખીલાણી | કુણાલ કીર્તિભાઈ કોઠારી
મેહુલ નારણદાસ કારીયા | આનંદભાઈ મુલરાજ ઠક્કર | મીતેષ મોરારજી પલણ | પ્રતિક મુકેશ સોમૈયા
પ્રેરણાસ્તોત્ર : સ્વ. હર્ષ પ્રદીપભાઈ કારિયા
કાર્યક્રમના ફી પાસ મેળવવાનું સ્થળ (ફક્ત કચ્છી લોહાણા જ્ઞાતિજનો માટે જ)
સાહેબજી મેન્સવેર, શોપ નં.૨, કૃષ્ણ વૃંદાવન બિલ્ડીંગ, આર.આર.ટી. રોડ, મુલુંડ (વેસ્ટ)
વિશેષ નોંધઃ કાર્યક્રમના પાસ શુક્રવાર, તા.૨૮ જૂન અને શનિવાર, તા.૨૯ જૂન ૨૦૨૪ના રોજ બપોરે ૨.૩૦ થી ૬.૩૦ દરમિયાન જ મળશે.

# ૫૦ વર્ષથી પ્રતાવ પેકર્સ એન્ડ મુવર્સ કંપની દ્વારા જનતાની સેવા કરતાં કરમશીભાઈને

# ૧૧મી પૂણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



• જન્મ •
તા.૧૭-૮-૧૯૪૧

• સ્વર્ગવાસ •
તા.૨૭-૬-૨૦૧૩

## સ્વ. ઠક્કર કરમશી હંસરાજ પલણ


(ગામ : બારાચોળ મોટા હાલ : મુલુંડ)

*પાંપણ ઝૂકે ને તમને નમન થઈ જાય, મસ્તક ઝૂકેને તમને વંદન થઈ જાય...*
*પણ એવી નજર હવે ક્યાંથી લાવીએ, કે તમને યાદ કરીએ તે દર્શન થઈ જાય...*

| | | | |
|---|---|---|---|
| પિતાશ્રી | : સ્વ. હંસરાજ ખેતશી પલણ | માતા | : સ્વ. મટુબાઈ હંસરાજ પલણ |
| સાસરા | : સ્વ. ગંગાબાઈ લાલજી મોરારજી રાચમંગીયા | પત્ની | : સ્વ. કસ્તુરબેન કરમશી પલણ |
| પુત્રો | : લલિત, સ્વ. અતુલ, જીતેન્દ્ર | પુત્રવધુઓ | : જીજ્ઞા, રક્ષા, પુર્ણિમા   પુત્રી : નયના |
| પૌત્રો | : CA હાર્દિક, Dr. વિરાજ, નીલય | પૌત્રી | : CA કુંજલ, ACCA ચેશા |

## લલીત કરમશી પલણ અને સ્ટાફગણ

## જૈન સોશ્યલ ગ્રુપ-મુલુંડ દ્વારા ઈન્ટરનેશનલ ટૂર



જૈન સોશ્યલ ગ્રુપ-મુલુંડ દ્વારા ઈન્ટરનેશનલ ટૂર આઈસલેન્ડ ૧૧ રાત્રી, ૧૨ દિવસ માટે ૧૯ સપ્ટેમ્બર થી ૩૦ સપ્ટેમ્બરના યોજેલ છે. ઈચ્છુક સભ્યોએ પ્રમુખ જયંતીલાલ મૈશેરી - ૯૮૧૯૭૪૮૨૫૦ સંપર્ક કરવો.

## મુલુંડમાં સાડા પાંચ વર્ષની બાળકી સાથે શાળામાં દુષ્કર્મ કરનાર નરાધમ ચોકીદારની ધરપકડ

મુલુંડની એક પ્રખ્યાત શાળામાં બનેલી એક ચોંકાવનારી ઘટના સામે આવી છે જ્યાં શાળાના ચોકીદાર દ્વારા સાડા પાંચ વર્ષની બાળકીનું યૌન શોષણ કરવામાં આવ્યું હતું. આ ઘટનાને પગલે તમામ સ્તરેથી લોકો દ્વારા આક્રોશ વ્યક્ત કરવામાં આવી રહ્યો છે. તેમજ આરોપીને કડક સજાની માંગ કરવામાં આવી રહી છે. ચોકીદાર બાળકીને સ્કૂલના એક રૂમમાં લઈ ગયો અને ત્યાં તેની સાથે દુષ્કર્મ કર્યું. જેની બાદમાં પીડિતાએ ઘરે જઈને તેની માતાને સમગ્ર ઘટના જણાવી. તેની માતા તરત જ નવઘર પોલીસ સ્ટેશન પહોંચી અને ફરિયાદ નોંધાવી. પોલીસે આ ઘટનાની તાત્કાલિક નોંધ લીધી હતી.

નવઘર પોલીસે બાળ જાતીય શોષણ નિવારણ કલમ (પોસ્કો) હેઠળ કેસ નોંધ્યો છે અને આરોપીની થાણે સ્થિત તેના ઘરેથી ધરપકડ કરી છે. ઉક્ત આરોપી છેલ્લા ત્રીસ વર્ષથી શાળામાં ચોકીદાર તરીકે ફરજ બજાવે છે. તેણે અગાઉ આવા કોઈ ગુના કર્યા છે કે નહીં તે અંગે પોલીસ હવે તપાસ કરી રહી છે.

Reg. No. E28149, Mumbai

શ્રી જીયે પઠ્ઠાપીર ભક્ત મંડળ ટ્રસ્ટ, મુંબઈ



ગગન ગરજે, ને મોરલા બોલે, મથે ચમકે વીજ...
એ હલો, પાંજે પઠ્ઠાપીરજી પહેડી મેં, આવઈ અષાઢી બીજ

પૂજ્ય પઠ્ઠાપીર બાપાને કચ્છ, વાગડ, ગુજરાત, રાજસ્થાન જેવા વિવિધ સ્થળે નમતા, માનતા પરિવારોને તથા તેમની નિયાણી બહેનોને સતત ૧૮વર્ષથી ધામધૂમથી આયોજાતી સમૂહ પહેડીમાં પધારવાનું હાર્દિક આમંત્રણ

પૂજ્ય શ્રી યોગીરાજ ગોપીચંદ્રનાથ (પઠ્ઠાપીર બાપાની) ૧૮મી સમૂહ પંચાઉદેગ પહેડી

રવિવાર, તા.૭-૭-૨૦૨૪ સારસ્વતવાડી, ઝવેર રોડ, મુલુંડ (વેસ્ટ)

કાર્યક્રમની રૂપરેખા

શોભાયાત્રા : સવારના ૮ કલાકે (ગોકુલ શ્યામ બિલ્ડીંગ, દેવીદયાલ રોડ, મુલુંડ-વેસ્ટથી)
સ્થાપના : સવારના ૧૦.૦૦ કલાકે (સારસ્વતવાડી મધ્યે)
પઠ્ઠાપીર ચાલીસનો પાઠ : બપોરે ૨.૦૦ થી ૩.૦૦ કલાકે (શ્રી જીયે પઠ્ઠાપીર મહિલા ભક્ત મંડળ દ્વારા)
સંતવાણી : સાંજના ૪.૦૦ થી ૧૦.૦૦ કલાકે
(કલાકાર : નવીનભાઈ ભાનુશાલી અને સાથી કલાકારો તથા શાંતિલાલ મોજાર)
ધૂપ આરતી : સાંજના ૭.૦૦ કલાકે પહેડીપ્રસાદ : સાંજના ૬.૦૦ થી ૧૦.૦૦ કલાકે
ચોવિહારની વ્યવસ્થા રાખેલ છે.

: વર્ષ ૨૦૨૪ની ૧૮મી સમૂહ પહેડીના મુખ્ય લાભાર્થી પરિવારો :

- રતનશી કેશવજી (મમુ) મોજાર પરિવાર (કોઠારા)
- રાજુભાઈ નારણદાસ કતીરા (વાયોર)
- નરેન્દ્રભાઈ બાબુભાઈ કેસરીયા (ખાવડા)
- નરેન્દ્રભાઈ નારાયણદાસ કેસરીયા (સાભરાઈ)
- શ્રીમતી મંગલાબેન કાંતિલાલ ભાનુશાલી (નુંધાતડ)
- નવીનભાઈ જેઠાલાલ ભાનુશાલી-માવ (નાની વમોટી)

માતુશ્રી લક્ષ્મીબેન વિસનજી હિરજી છેડા પરિવાર

૧૮મી સમૂહ પહેડીમાં વિશેષ સહયોગી થવાની ઈચ્છા હોય તો આપ સંપર્ક સાધો : 9821189050

શ્રી જીયે પઠ્ઠાપીર ભક્ત મંડળ ટ્રસ્ટ, મુંબઈ
૧૨, ગોકુલ શ્યામ, ૩ જે માળે, દેવીદયાલ રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૮૦.
M.9821189050 • Website : www.jiyepathapir.com Email : info@jiyepathapir.com

વેલેટ પાર્કિંગની સુવિધા રાખેલ છે.



## ગ્રામોફોન ક્લબ દ્વારા પ્રસ્તુત આર.ડી.બર્મનના સિલેક્શન ગીતોનો કાર્યક્રમ સફળતાથી સંપન્ન

તા.૨૨ જૂન શનિવાર રાતે ૮.૧૫ કલાકે મહાકવિ કાલિદાસ નાટ્યમંદિરમાં વર્સટાઈલ બોલીવુડ મ્યુઝિશીયન અને સિંગર આર.ડી.બર્મનના ઘ અલટીમેટ સિલેક્શન ઓફ ૮૦ ઝ ના શીર્ષક અંતર્ગત સૂરીલા ગીતોનો કાર્યક્રમ ભવ્યતાથી સફળ રીતે સંપન્ન થયો. ઓર્ગેનાઈઝર મનીષ પ્રજાપતિ દ્વારા અને ગ્રામોફોન ક્લબ પ્રસ્તુત ગીત સંગીતની આ મહેફિલના મીડિયા પાર્ટનર ગુર્જરમાત રહ્યાં હતાં.



ધમાકેદાર તેમજ દિલમાં ઊતરી જાય એવા સૂરમય ગીતોની પ્રસ્તુતિ સિંગર આલોક કાટદરે, સંપદા ગાસ્વામી, સર્વેશ મિશ્રા અને પ્રાજક્તાએ કરી હતી. એરેન્જર મોહિત શાસ્ત્રી રહ્યાં હતાં અને કાર્યક્રમનું એન્કરીંગ ભીમ સિંગએ કર્યું હતું. સમગ્ર કાર્યક્રમ જાહેર કરાયેલ સમયે શરૂ થયો હતો. અને સમયસર પૂરો થયો હતો. આ સમય પાલન સીમા સૌ પ્રેક્ષકોને પસંદ પડી હતી.



## હરીશ ખોંભડીયા પ્રસ્તુત ઈર્શાદ ગઝલ કોર્નર...

### મરજી...

આપણી મરજી મુજબનું થાય નહીં,
એટલે સારું કશું કહેવાય નહીં ?
સ્વપનની પણ એક સીમા હોય છે,
નહી તો માણસ આટલો દુભાય નહીં !
તાપમાં બેઠાં ન હો જો કોઈ'દિ,
છાંયડામાં એ વિષય ચર્ચાય નહીં.
એકતરફી રાખતા હો જે વલણ,
ન્યાયને એ ત્રાજવે તોલાય નહીં.
આટલું અભિમાન પણ સારું નથી,
જીતમાં જો હાર પણ દેખાય નહીં.
આપણે અટકી ગયા તો શું થયું ?
કાળનાં પૈડાં કદી રોકાય નહીં.
શક્યતાનાં સોઈ દોરા લાવ ને !
જિંદગીને શું ફરી સંધાય નહીં ?



મેહુલ ઓઝા, જામનગર
સંકલન :હરીશ ખોંભડીયા

# વાહ... તુમ્હે સલામ



**સેવા સર્મપિત તૃપ્તિબેન અને દીપાલીબેન પોપટ.**

દરેક સમાજ અને અનેક સંસ્થાઓ દ્વારા વિવિધ પ્રકારના સન્માન અને સત્કાર સમારંભ યોજાતા હોય જ છે અને એ દરેક આયોજનમાં સન્માનિત વ્યક્તિ કંઈક વિશેષ હોય અથવા તો એનું વ્યક્તિત્વ કંઈક વિશેષ હોય છે. એના જીવન ચક્ર દરમ્યાન એમણે કરેલા સેવાકાર્યો, સમર્પણ, સિદ્ધિઓ, યોગદાન, આવિષ્કારો, સંશોધનો અથવા તો કંઈક વિશેષ... અને આવા વિશેષ વ્યક્તિઓ સિવાય પણ અમુક એવા અમુલખ વ્યક્તિત્ત્વો જેઓ પોતાની વિશેષ સેવાઓ અથવા સમર્પણ દ્વારા એવી ઘણી બધી આશીર્વાદરૂપી ઉપલબ્ધિઓ મેળવતા હોવા છતાં પણ એમને ક્યારેય જાહેર જીવનમાં અથવા તો કોઈ સામાજિક સ્તરે ઉપરથી નોંધપાત્ર નથી બનાવતા કારણ કે કયારેય તેઓ આવા માન-સન્માનની અપેક્ષા રાખતા નથી પરંતુ જ્યારે જ્યારે આવી બાબતો અથવા તો આવા વ્યક્તિત્વ સંપર્કમાં આવે ત્યારે સમાજ અને સારા વ્યક્તિઓની એ જવાબદારી અને ફરજ બની જાય છે કે આવા ગુમનામ ચહેરાઓને પ્રકાશમાં લાવી એમનું અને સમાજ બંનેનું ગૌરવ વધારે.

આજે એવી બે વ્યક્તિઓના સંપર્કમાં આવ્યા બાદ એ જવાબદારી અને એ કર્તવ્ય આપની પાસે મૂકવાની ફરજ સમજી છે. આપણા કચ્છી લોહાણા જ્ઞાતિની બે બહેનો જેમનું નામ છે દિપાલીબેન હિંમતલાલ પોપટ અને તૃપ્તિબેન હિંમતલાલ પોપટ. આ બંને બહેનો પોતાના આદરણીય માસા સ્વ. શ્રી મધુકાન્તભાઈ વીરજી ઠક્કર (માણેક) કચ્છ ગામ- વરસામેડી દ્વારા સ્થાપિત શેઠ શ્રી ડુંગરશી નાગજી ટ્રસ્ટ (વનપ્રસ્થાશ્રમ) સંચાલિત વૃદ્ધાશ્રમ જે નાસિકના તપોવન વૃદ્ધાશ્રમના નામે ઓળખાય છે. ત્યાં ૨૦૦૬થી એટલે કે છેલ્લાં ૧૮ વર્ષથી સંપૂર્ણ વ્યવસ્થા ખૂબ જ ધ્યેય, નિષ્ઠા અને લાગણીથી પોતાના પરિવારની જેમ સુસંચાલન કરી રહ્યા છે અને લગભગ ૧૦૦ થી પણ વધારે વડીલોને સમાવી શકે એટલું મોટું, સ્વચ્છ અને સુંદર પરિસરમાં આવેલું આ નાસિક સ્થિત વનપ્રસ્થાશ્રમ ખરેખર વડીલો માટે એક આશીર્વાદરૂપ અને પરિવારસમું છે.

દિપાલીબેન હિંમતલાલ પોપટ તથા તૃપ્તિબેન હિંમતલાલ પોપટ (કચ્છ ગામ અંજાર (ચકાર કોટડા/ રોહા કોટડા) મૂળ મુલુંડ-મુંબઈના વતની છે પરંતુ છેલ્લાં ૧૮ વર્ષથી એટલે કે પોતાની આશરે ૨૨ થી ૨૪ વર્ષની ઉંમરથી તેઓ પોતાના માસી-માસા માલતીબેન મધુકાંત ઠક્કર સ્થાપિત શેઠ ડુંગરશી નાગજી ટ્રસ્ટ (વનપ્રસ્થાશ્રમ-તપોવન-નાસિક)ને જ પોતાનું ઘર અને પરિવાર બનાવ્યું છે. વૃદ્ધાશ્રમમાં વસતા વડીલો અને માતાઓને જ પોતાના માતા-પિતા સમજી એમની સાથે તમામ દુઃખ-સુખની પળો વિતાવે છે. દિવાળી હોય કે નવરાત્રિ આ બંને બહેનો તમામ તહેવારો આશ્રમના વડીલો સાથે ખૂબ જ ઉત્સાહથી ઉજવી દરેકને પરિવારના સભ્યોની અનુભૂતિ કરાવે છે. આ બહેનોએ ખૂબ જ નાની ઉંમરે પોતાના માતા-પિતાને ગુમાવ્યા બાદ તેમના માસા સ્વ. શ્રી મધુકાંતભાઈ અને માલતીબેનની લાગણી અને હૂંફ થકી જીવન નૈયા હંકારવા લાગી અને એજ લાગણી અને સહયોગને વફાદાર રહી પોતાની પરવાહ કર્યા વગર માસા દ્વારા ઊભા કરાયેલ ટ્રસ્ટમાં સેવા આપવાનું શરૂ કર્યું અને આજે પણ પોતાનો ઘરસંસાર માંડ્યા વગર આ માનવસેવા માટે સમર્પિત બંને બેલડી બહેનો મધુકાંતભાઈના સપનાને ખૂબ જ પ્રેમ-લાગણીથી સંભાળી રહી છે.

આજે ૪૦ પ્લસમાં પણ બંને બહેનો ટ્રસ્ટના (મે. ટ્રસ્ટી) માતુશ્રી માલતીબેન મધુભાઈ ઠક્કર (માણેક) અને મધુભાઈના દીકરી શ્રીમતી રૂપલબેન મુકેશભાઈ ઠક્કર (ટ્રસ્ટી)ના માર્ગદર્શન અને સલાહ સૂચન દ્વારા આ વૃદ્ધાશ્રમનું સુચારૂ અને સચોટ કાર્યભાર સંભાળી રહ્યા છે અને વડીલોના આશીર્વાદને ધન્યવાદ ગણે છે. હવે એમના પરિવારમાં એમના વ્હાલસોયા ફોઈ માતુશ્રી વિજયાબેન નવીનભાઈ ચંદન (રવાપર) જે આ દીકરીઓના સર્વે સર્વા અને એકમાત્ર આધાર સ્તંભ છે. આ બેલડીના માતા-પિતાના સ્વર્ગવાસ બાદ વિજયાબેન જ એમની માતા અને વડીલ છે. આજે એક વખત આ વૃદ્ધાશ્રમની મુલાકાત લીધા બાદ એની વ્યવસ્થા, સંચાલન અને સુંદર-સ્વચ્છ પરિસર ઉપરાંત વડીલોના મોઢા ઉપરનું સિમિત જ આ દીકરીઓનું અને એમના લાગણીસભર કારભારનો પરિચય કરાવે છે. એમની આ આહુતિ અને સમર્પણને શત શત નમન.


**- સંકલનઃ નીતિન ગોદાવરીબેન ગંગારામ ઠક્કર (પાંધી)**



**શેઠ ડુંગરશી નાગજી ટ્રસ્ટ સંચાલિત વનપ્રસ્થાશ્રમ તપોવન નાસિકની શ્રી કચ્છી લોહાણા મહાજન મુંબઈના પ્રમુખ શ્રી નીતિનભાઈ પાંધી તથા તેમના જીવન સંગિની શ્રીમતી હેતલબેન પાંધી સાથે તપોવન આશ્રમની સંચાલિકા બહેનો તૃપ્તિબેન પોપટ તથા દીપાલીબેન પોપટની મુલાકાત લીધી.**







# એક લાયન મેમ્બરના સૌજન્યથી ગ્રામીણ શાળાના વિદ્યાર્થીઓને શાળાપયોગી સાહિત્યનું વિતરણ કરાયું





મહારાષ્ટ્ર રાજ્યના આદિવાસી આંતરિયાળ ગામ પારસોડની જિલ્લા પંચાયત કેન્દ્રીય શાળામાં આદી શક્તિ યુવા પ્રતિષ્ઠાન પારસોડ દ્વારા મંડળના સભાસદ સંદેશ સુરેશ સોંડકરના સહકાર્યથી મુલુંડના સમાજ અગ્રણી અને વિચારવંત લેખક લાયન કલબના વરિષ્ઠ મેમ્બર તથા શાહ દેવચંદ એન્ડ કુંના સૌજન્યથી શાળા વિદ્યાર્થીઓને શાળાપયોગી સાહિત્યનું વિતરણ કરાયું હતું.



## મુંબઈ ગુજરાતી પત્રકાર સંઘ દ્વારા આઈ કેમ્પનું આયોજન

મુંબઈ ગુજરાતી પત્રકાર સંઘ સ્વર્ગસ્થ વિદ્યાગૌરી સુમનલાલ શાહ ટ્રસ્ટ (રજિસ્ટર્ડ) અને રેનિલ્સ વિઝન ૨૦૨૦ના સહયોગથી ગુજરાતી પત્રકારો માટે ખાસ આઈ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

સતત કોમ્પ્યુટર પર કામ કરતા પત્રકારે આંખોની સંભાળ રાખવી ઘણી જરૂરી છે. સતત વ્યસ્ત રહેતા પત્રકારોની સુવિધા માટે મુંબઈ ગુજરાતી પત્રકાર સંઘ દ્વારા રેનિલ્સ વિઝન ૨૦૨૦ના ભરતભાઈ શાહ સાથે મળી આઈ કેમ્પનું આયોજન કર્યું છે. આઈ કેમ્પ દરમિયાન સંઘના સભ્ય તેમનાં પત્નીની પણ આંખોની ચકાસણી કરાવી શકશે.

પત્રકારોના કામકાજના સમયને ધ્યાનમાં રાખી રવિવાર, તા. 30 જૂન ૨૦૨૪ના સવારે ૧૧ થી ૩ દરમિયાન ૧, સ્વાતિ, ચંદાવરકર ક્રોસ રોડ, ICICI બેન્ક અને N.M. મેડિકલની સામે, બોરિવલી (પશ્ચિમ), સ્થળે આઇ કેમ્પનું આયોજન કર્યું છે.

આઈ કેમ્પમાં આંખોની ચકાસણી, નંબર ચેકીંગ, મોતિયો વગેરેનું ચેકીંગ કરવામાં આવશે. ઉપરાંત જેમને વાંચવાના નંબર હશે તેમને માત્ર રીડિંગ માટેના ચશ્મા ફ્રી બનાવી આપવામાં આવશે. ઉપરાંત રેનિલ્સ વિઝન ૨૦૨૦ના ભરત શાહ તરફથી કેમ્પમાં ઉપસ્થિત રહેનાર તમામને ચા સાથે હળવો નાસ્તો પણ આપવામાં આવશે.

જે પત્રકાર બંધુ/ભગિની આઈ કેમ્પનો લાભ લેવા માંગતા હોય તેમણે તેમના નામો ૨૮ જૂન, ૨૦૨૪ સુધીમાં ૮૩૬૯૧૬૭૩૨૩ (પી.સી.કાપડિયા) અને ૯૮૧૯૮૬૧૯૫૪ (વિપુલ વૈદ્ય)ને મોકલી આપવા.


NOW IN MULUND PANCH RASTA



Happy Hours 4 to 7 pm
- Chole Puri
- Rasiley Aloo Puri
- Papdi Chaat
- Samosa Chaat
- Tokri Chaat
- Chatpata Aloo Chaat
- Aloo Basket
- Cheese Cigar
- Punjabi Dahi Bhalle
- Cheese Loaded Chips
- Honey Potato
- Spring Rolls

• Chole Bhatura • Makkai Di Roti • Sarson Da Saag

Shop No. 2, B Wing, Balaji Accolade, Near Panch Rasta, Mulund West. Contact : 9137246721

B-12/13, Golden Willows, Vasant Garden, Near Swapnanagari, Mulund (West), Contact : 90822 02154

mannpunjabiofficial mannpunjabiofficial

A Speciality Vegetarian Cuisine

Mann Punjabi

"Authentic Punjabi Flavours"

Pure Veg!!

We Take Bulk & Party orders.

We serve Jain Food

Authentic North Indian Cuisine.

Catering Service also available

We are Available

zomato SWIGGY


Owner, Printer and Publisher : **Jayant Vasanji Chheda** • Printed at : **MID DAY Infomedia Limited,** R/843/3, TTC Industrial Area, MIDC Rabale, Navi Mumbai - 400 701.
• Published from 601, Abhinandan Apt., Sambhav CHS, Sarvoday Parshwanath Nagar, Mulund (West), Mumbai-400 080. • **Editor : Jayant V. Chheda • R.N.I. Regn. No. 69568/98**

# GS SHETTY CRYSTAL HALL

Crystal hall, has exquisite interiors and high ceiling to give it a Crystal look. It has a floating capacity for 125 people (Seating Capacity 70 people). The dining area is separate and on the same level, hence facilitates easy flow of people. The hall is fully air-conditioned comes with kitchen space & excellent washroom with a glance of Gautam Buddha.





Gala No.5, Dr Rajendra Prasad Rd, Jagjivan Ram Nagar, Mulund West, Mumbai, Maharashtra 400082

**Contact Details - 8452037666**

## Sastvik

FOOD HUB

grown by nature, served by us



**VEG MEAL TRAY / ORIENTAL MEAL TRAY**

**TO ORDER ONLINE**

zomato | SWIGGY

**www.fofcuisine.petpooja.com**

F29 Runwal Galleria, Runwal Greens,
Mulund Goregoan link road,Mulung West




**Call For Delivery - 955 955 6797 | 955 955 9459**